# યુવા મતદાર મહોત્સવ-૨૦૧૮

શાંતીલાલ શાહ ઈજનેરી કોલેજ ના સેમેસ્ટર 1,3,૫,અને ૭ ના સિવિલ શાખાના વિધ્યાર્થીઓને જણાવવાનુ કે મતદાર જાગ્રુતિ અને મતદાર કેળવણી અભિયાન અંતર્ગત POSTER PRESENTATION નુ આયોજન તા.-28/09/2018 ના રોજ થનાર છે. આ Event મા ભાગ લેનાર દરેક વિધ્યાર્થીને 100 Points Activity ના અનુસંધાને પ્રમાણપત્ર આપવામાં આવશે.

- **Registararation is online by following google form link or QR Code:**

https://goo.gl/forms/ZhkmHXWABuCirEqB3

***Important Notes:***

- **Last date of Registration is 26/09/2018**
- **The Size of Poster should be 12 X 18 inches.**

For Detail information refer attach documents or contact :-

Prof. M. K.Makwana (Civil Engineeing) & Prof D.P.Advani (Applied Mechanics)

ન.વિ. ૨

મજબૂત લોકશાહી - સૌની ભાગીદારી

ક્રમાંક : ઈએલસી–૧૦૨૦૧૮–૮૭૪–છ (SVEEP)


સામાન્ય વહીવટ વિભાગ
બ્લોક નં. ૭, બીજો માળ,
સરદાર ભવન, સચિવાલય,
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.


ટેકનિકલ શિક્ષણ સંચાલય ગુજરાત રાજ્ય, ગાંધીનગર પત્ર મળ્યાની તારીખ 31 AUG 2018

તારીખ : ૨૧–૦૮–૨૦૧૮

સત્યમેવ જયતે


**ડૉ. એસ. મુરલી ક્રિષ્ણા,** આઈએએસ
**મુખ્ય નિર્વાચન અધિકારી**
**અને સચિવ,**
**ગુજરાત રાજ્ય**


પ્રતિ,

સુશ્રી અંજૂ શર્મા, IAS
અગ્ર સચિવ
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

વિષય : યુવા મતદાર મહોત્સવ, ૨૦૧૮ બાબત..

શ્રીમાન

મતદાર જાગૃતિ અને મતદાર કેળવણી અભિયાન (SVEEP) અંતર્ગત લોકોમાં ચૂંટણી પ્રક્રિયામાં સક્રિય રીતે જોડાય તે માટે ચૂંટણી પંચની સુચના અનુસાર જુદી જુદી પ્રવૃતિઓ હાથ ધરવામાં આવે છે.આવી પ્રવૃતિઓ પૈકી ખાસ કરીને યુવા, શહેરી મતદારોમાં ચૂંટણી પ્રક્રિયા અંગે જાગૃતિ આવે તે માટે દર વરસે યુવા મતદાર મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ સંદર્ભે જણાવવાનું કે, ચૂંટણી પંચ, નવી દિલ્હીએ વર્ષ ૨૦૧૮ને "ACCESSIBLE ELECTIONS"ના વર્ષ તરીકે જાહેર કરેલ છે. ૧લી જાન્યુઆરી, ૨૦૧૯ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદાર યાદીની સુધારણાની કામગીરી ઝુંબેશ તરીકે હાથ ધરવામાં આવનાર છે. આ કામગીરી દરમ્યાન મતદાર યાદીમાં નોંધાયેલ મતદારની વિગતો / ફોટામાં સુધારો કરવા, એક જ વ્યકિતના એક કરતાં વધુ મતદાર યાદીમાં નામ હોય તેવા ડુપ્લીકેટ નામ રદ કરવા, વગેરે કાર્યવાહી હાથ ધરી ક્ષતિરહિત અને અદ્યતન મતદારયાદી તૈયાર કરવાનું ચૂંટણી પંચે આયોજન કરેલ છે. આ અંતર્ગત મતદાર તરીકેની લાયકાત ધરાવતા તમામ લોકોની મતદાર યાદીમાં અચૂક નોંધણી થાય તે માટે નોંધણીની સુગમ પ્રક્રિયા સંદર્ભે મતદારોની સરળતા માટે ચૂંટણી પંચ દ્વારા ખાસ કરીને દિવ્યાંગજનો માટે ખાસ સવલતો ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. આ પરિપેક્ષ્યમાં "ACCESSIBLE ELECTIONS"ની થીમ પર આધારિત "યુવા મતદાર મહોત્સવ, ૨૦૧૮" નું તારીખ : ૦૧–૦૯–૨૦૧૮ થી તારીખ : ૩૧–૧૦–૨૦૧૮ દરમ્યાન આયોજન કરવામાં આવેલ છે.

યુવા મતદાર મહોત્સવ, ૨૦૧૮ની સ્પર્ધાનીચે મુજબ બે વિભાગમાં રાખવામાં આવેલ છે.

**વિભાગ–૧**

Δ માધ્યમિક / ઉચ્ચ માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં ધોરણ–૯ થી ધોરણ–૧૨ના વિદ્યાર્થીઓ

Δ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે, જુદી જુદી ફેકલ્ટીમાં સ્નાતકનો અભ્યાસ કરતાં, એન્જીનીયરીંગ, તબીબી, કાયદા, કૃષિ વિષયક શાખામાં અભ્યાસ કરતાં, આઈ.ટી.આઈ., ડીપ્લોમા વિદ્યાશાખામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ.

**વિભાગ–૨**

Δ મતદાર યાદીમાં નોંધાયેલ કોઈપણ પુરૂષ/સ્ત્રી કે જેમની ઉંમર ૧૮ થી ૩૦ વર્ષની હોય અને તેઓ મતદાર તરીકે નોંધાયેલ હોય તેવા મતદારો.

Δ સરકારી અથવા સ્થાનિક સ્વરાજયની સંસ્થાના૧૮ થી ૩૦ વર્ષની વયજુથના હોય તેવા કર્મચારીઓ.

૨. આ સ્પર્ધા માટેના માર્ગદર્શક સુચનાઓ તથા કાર્યપદ્ધતિ નિયત કરવામાં આવેલ છે જે આ સાથે સામેલ રાખેલ છે. આ અંગેની તમામ કામગીરી કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારીની કચેરી તરફથી હાથ ધરવામાં આવનાર છે(પત્રની નકલ આ સાથે સામેલ રાખેલ છે).આ સંદર્ભમાં યુવા મતદાર મહોત્સવ, ૨૦૧૮ રાજયની દરેક માધ્યમિક અને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં યોજવામાં આવે, તેમજ આ કાર્યક્રમમાં શૈક્ષણિક સંસ્થાઓમાં નિયુકત થયેલ કેમ્પસ એમ્બેસેડર / ડેઝીગ્નેટેડ ઓફિસરને ઘનિષ્ઠ રીતે સાંકળી લેવામાં આવે તે મુજબનું આયોજન થાય તેવી આપના તાબાની કચેરીને સુચનાઓ આપવા વિનંતી છે.

આ ઉપરાંત વિભાગ–૨માં આપના વિભાગ / તાબાની કચેરીના ૧૮ થી ૩૦ વરસની વયજુથના કર્મચારી / અધિકારી પણ સક્રિય રીતે ભાગ લે તે માટે, આ સ્પર્ધા અંગે આપના વિભાગ / તાબાની કચેરીઓમાં પણ તેનો સઘન પ્રચાર પ્રસાર કરવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવા પણ વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(ડો. એસ. મુરલી ક્રિષ્ણા)
મુખ્ય નિર્વાચન અધિકારી
ગુજરાત રાજય

નકલ રવાના :–

➢ કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, બ્લોક નં.૧૨,બીજો માળ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

શેરા ક્રમાંકઃ ડીટીઈ/એકેડેમીક/યુ.મ.મ.–૧૮/૨૦૧૮–૧૯ / ૬૯૩૫૮
ટેકનીકલ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, કર્મયોગી ભવન,
બ્લોક નં.૨ છઠ્ઠો માળ, સેકટર–૧૦/એ, ગાંધીનગર
તા.૧૪/૯/૧૮ 17 SEP 2018

નકલ રવાનાઃ–

૧. સરકારી તેમજ અનુદાનીત ઈજનેરી/ફાર્મસી કોલેજો/પોલીટેકનીકો/ટેકનીકલ હાઈસ્કૂલોના આચાર્યશ્રી તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ. (ઈ– મેઈલ દ્વારા)

૨. તમામ સંયુકત નિયામકશ્રી અને નાયબ નિયામકશ્રી વડી કચેરી તરફ તેમના તાબા હેઠળના તમામ કર્મચારી/ અધિકારીઓને જાણ અને જરૂરી કાર્યવાહી સારૂ.

નાયબ ટેકનીકલ શિક્ષણ નિયામક

મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાતના પત્રક્રમાંક : ઈએલસી–૧૦૨૦૧૮–૮૭૪–છ (SVEEP)નું બીડાણ :

## યુવા મતદાર મહોત્સવ, ૨૦૧૮ માટેની માર્ગદર્શક સૂચનાઓ :–

(૧) ચૂંટણી પંચ, નવી દિલ્હી દ્વારા વર્ષ ૨૦૧૮ને "સુગમ નિર્વાચન" (Accessible Elections) તરીક જાહેર કરેલ હોઈ, આ સ્પર્ધાની થીમ સુગમ ચૂંટણી (Accessible Elections)ના સંદર્ભમાં નીચે મુજબની કૃતિઓ તૈયાર કરવાની રહેશે.

**(અ) પરંપરાગત લોકકળા /હસ્ત કલા આધારિત કૃતિઓ તૈયાર કરવી**
આવી લોકકળામાં મુખ્યત્વે જે તે વિસ્તાર / સમુદાય / સંસ્કૃતિમાં પ્રચલિત હોય તેવી પારંપારિક કળા આધારિત રચના

**(બ) કાર્ટૂન / ઈન્ફોગ્રાફિક્સ (ડીજીટલ)**

**(ક) મોબાઈલ મારફત "સ્નેપશોટ સેલ્ફી"**
આ સ્પર્ધામાં સ્પર્ધકે પોતાના અધિકૃત મોબાઈલ ફોન મારફત સ્નેપશોટ શેલ્ફી દ્વારા સુગમ ચૂંટણી પ્રક્રિયા અંતર્ગત મતદારો / દિવ્યાંગ મતદારો માટે ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવતી સવલતો અંગે તેમના મંતવ્યો / વિચારો / સ્લોગન વગેરે વધુમાં વધુ ૪૫ સેકન્ડ માટે તૈયાર કરવા.

(૨) **આ સ્પર્ધામાં ભાગ લેવા માટે અનુસરવાની કાર્યપદ્ધતિ :**

- *વિભાગ–૧ માટે :*
શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર થયેલ કૃતિઓ સૌ પ્રથમ જે તે શૈક્ષણિક સંસ્થાના આચાર્ય અને કલા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ સાથે સંકળાયેલ વ્યકિતની બનેલી કમિટિ દ્વારા શ્રેષ્ઠ કૃતિ પસંદ કરી, જીલ્લા કક્ષાએ પસંદગી માટે જીલ્લાના કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી અથવા તેમના તરફથી અધિકૃત કરેલ અધિકારીને શાળાના આચાર્યના પ્રમાણપત્ર સહિત મોકલી આપવાની રહેશે.
- *વિભાગ–૨ માટે :*
  - ✓ આ સ્પર્ધામાં અભ્યાસ કરતાં ન હોય તેવા ૧૮ થી ૩૦ વર્ષની વયજૂથના મતદારો માટે છે. મતદાર તરીકે તેમનું નામ મતદાર યાદીમાં જે જીલ્લામાં સમાવિષ્ટ હોય, તે જીલ્લાના કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી અથવા તેમના દ્વારા અધિકૃત કરાયેલ અધિકારી સમક્ષ તેમની કૃતિઓ રજૂ કરવાની રહેશે.
  - ✓ કર્મચારીના કિસ્સામાં તેમના અરજીપત્રો 'વોટર અવેરનેશ ફોરમ' માં નિયુકત થયેલ નોડલ ઓફિસર મારફત જે તે કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી અથવા તેમના દ્વારા અધિકૃત કરાયેલ અધિકારી સમક્ષ રજૂ કરવાની રહેશે.

- સ્પર્ધામાં ભાગ લેતા સ્પર્ધકે તેમની કૃતિ સાથે તેમનો મતદાર યાદીમાં નોંધણી ક્રમાંક, મતદાર ફોટો ઓળખકાર્ડ (EPIC)ની નકલ અરજીપત્ર સાથે રજૂ કરવાની રહેશે. જે સ્પર્ધક હાલ મતદાર

યાદીમાં નોધાયેલ ન હોય પરંતુ મતદાર યાદીમાં નામની નોંધણી માટે ફોર્મ ભરેલ હોય તેમણે તે ફોર્મની પાવતી પુરાવા તરીકે અરજીપત્ર સાથે જોડવાની રહેશે.

(૩) કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારીને મળેલ કૃતિઓ પૈકી જીલ્લા કક્ષાએ ઉપર જણાવ્યા મુજબ બે વિભાગમાં (વિભાગ–૧માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ અને વિભાગ–૨ માં હાલ અભ્યાસ સાથે સંકળાયેલ ન હોય તેવા ૧૮ થી ૩૦ વર્ષના યુવા મતદારો જેમાં સરકારી કચેરી / અર્ધસરકારી કચેરી / સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ / બોર્ડ–કોર્પોરેશન / યુનિવર્સીટી વગેરેના અધિકારી / કર્મચારીઓનો પણ સમાવેશ કરવાનો રહેશે) શ્રેષ્ઠ ત્રણ કૃતિઓ પસંદ કરવાની રહેશે.

(૪) જીલ્લા કક્ષાએ પસંદગી પામેલ શ્રેષ્ઠ ત્રણ કૃતિઓ રાજય કક્ષાએ પસંદગી સારૂ અત્રે રજૂ કરવાની રહેશે.

**૪.૧ સ્પર્ધક દ્વારા રજૂ કરાનાર હાથે તૈયાર કરેલ કૃતિઓ માટેના માપદંડો :**

- પોસ્ટર, ચિત્ર વગેરે ૧૨"X૧૮" ના કેન્વાસ અથવા કાર્ડબોર્ડ પર રજૂ કરવાની રહેશે.

**૪.૨ મોબાઈલ સ્નેપશોટ અંતર્ગત ચૂંટણી પ્રક્રિયા અને મતદાર જાગૃતિ અંગે અથવા ચૂંટણી પ્રક્રિયા અંગે શિક્ષિત કરતી હોય તેવા પ્રકારના સંવાદો હોવા જોઈશે, અને આવા સ્નેપશોટ વધુ માં વધુ ૪૫ સેકન્ડથી વધુ ન હોવા જોઈએ.**

***(૫) સ્પર્ધા માટેની શરતો :***

(ક) સ્પર્ધકનું પ્રવેશપત્ર પર જે તે શૈક્ષણિક સંસ્થાના આચાર્યએ પ્રમાણિત કરવાનુ રહેશે તેમજ આચાર્યએ પોતે મતદાર યાદીમાં નોંધાયેલ છે તેની વિગત તેમજ મતદાર ફોટો ઓળખકાર્ડની વિગતો રજૂ કરવાની રહેશે.

(બ) સ્પર્ધક પાસેથી પ્રવેશપત્ર સાથે પોતે, તેમના કુટુંબના સભ્યો, સોસાયટી કે ફલેટમાં રહેતા અન્ય સ્થાનિકોના નામ મતદાર યાદીમાં નોંધાય, તેમના નામમાં જો કોઈ ભૂલ રહેવા પામેલ હોય તો તેવી ભૂલોની સુધારણા, મતદાર યાદીના ડેટા સાથે આધાર કાર્ડના ડેટાને લીન્ક કરવા માટેની જરૂરી વિધી પૂર્ણ કરવામાં તેમના વિસ્તારના બુથ લેવલ ઓફિસરને સંપૂર્ણ સહકાર આપશે, તેમજ તેમની સોસાયટી/ફલેટમાં રહેતા નાગરિકો પૈકી મતદાર તરીકેની લાયકાત ધરાવતા ૧૦૦% લોકોના નામ મતદાર યાદીમાં નોંધાય તે માટે તમામ શકય પ્રયત્નો કરશે તે મુજબનું એકરાર નામું કરવાનું રહેશે.

(૬) આ સ્પર્ધામાં દરેક કૃતિનું ૧૦ પોઈન્ટના આધારે નીચે જણાવેલ ધોરણો મુજબ સરખા ભાગે ૨ પોઈન્ટમાં મુલ્યાંકન કરવાનું રહેશે. કૃતિના મુલ્યાંકન માટે નીચેની વિગતો ધ્યાને લઈએ.

- રજૂઆત,
- મૌલિકતા,
- ચૂંટણી પ્રક્રિયા સાથેનો સંબંધ, અને

- ક્ષતિ રહિત અને અદ્યતન મતદાર યાદી માટે હાથ ધરવામાં આવેલ પ્રયત્નો
- કૃતિની પસંદગી

(૭) આ સ્પર્ધા **૧લી સપ્ટેમ્બર,૨૦૧૮ થી ૩૧ ઓક્ટોબર, ૨૦૧૮** સુધી યોજીએ અને સ્પર્ધા માટેનું પ્રવેશપત્ર નીચેની કચેરીએથી તેમજ મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ www.ceogujarat.gov.in પરથી તથા વેબસાઈટ પર Youth Corner પરથી પણ ઉપલબ્ધ બને તે મુજબનું આયોજન કરીએ.

| ગ્રામ્ય કક્ષાએ | પંચાયત કચેરી અથવા તલાટી |
|---|---|
| તાલુકા / શહેર કક્ષાએ | મામલતદાર કચેરી / તાલુકા વિકાસ અધિકારીની કચેરીના જનસેવા કેન્દ્ર, મહાનગરપાલિકા / નગરપાલિકાના નાગરિક સુવિધા કેન્દ્ર |
| જીલ્લા કક્ષાએ | કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી કચેરીના મતદાર સુવિધા કેન્દ્ર, જીલ્લા પંચાયત કચેરીના જન સેવા કેન્દ્ર |
| વિદ્યાર્થી માટે | તેઓ જે સંસ્થામાં અભ્યાસ કરતાં હોય તે સંસ્થાની કચેરી . |

- યુવા મતદાર મહોત્સવ, ૨૦૧૮ દરમ્યાન શૈક્ષણિક સંસ્થાઓ, વ્યકિતગત કે કર્મચારી તરફથી રજૂ થનાર કૃતિઓ તારીખ : ૩૧–૧૦–૨૦૧૮ સુધીમાં કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી અથવા તેમના દ્વારા નિયત કરવામાં આવેલ સક્ષમ અધિકારીને મોકલી આપવાની રહેશે.
- જીલ્લા કક્ષાએ જુદા જુદા બે વિભાગમાં શ્રેષ્ઠ ત્રણ કૃતિઓની પસંદગી માટે ૭–૧૧–૨૦૧૮ થી ૧૫--૧૧--૨૦૧૮ દરમ્યાન જીલ્લા કક્ષાની કમિટિ સમક્ષ રજૂ કરવાની રહેશે.
- જીલ્લા કક્ષાએ પસંદગી પામેલ શ્રેષ્ઠ ત્રણ કૃતિઓ તારીખ : ૧૮–૧૧–૨૦૧૮ સુધીમાં આ કચેરીને રાજય કક્ષાની પસંદગી માટે રજૂ કરવાની રહેશે.
- જીલ્લા તરફથી મળેલ કૃતિઓ ઉપર રાજય કક્ષાની પસંદગી સમિતિની બેઠક ડીસેમ્બરના પ્રથમ અઠવાડીયામાં બોલાવી રાજય કક્ષાની શ્રેષ્ઠ ત્રણ કૃતિઓની પસંદગી કરી લેવાની રહેશે.
- **અગાઉના વરસો દરમ્યાન યોજવામાં આવેલ યુવા મતદાર મહોત્સવ અંતર્ગત રચવામાં આવેલ કમિટિ ચાલુ રાખવી કે કે કેમ તેનો નિર્ણય કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારીએ કરવાનો રહેશે. જો નવી કમિટિની રચના કરવાની જરૂરીયાત જણાય તો તે ૧૫–૧૦–૨૦૧૮ પહેલાં આવી કમિટિની રચનાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.**

(૮) આ સ્પર્ધાના બન્ને વિભાગમાં પ્રથમ ત્રણ વિજેતાને રાષ્ટ્રિય મતદાર દિવસ, ૨૦૧૯ની ઉજવણી દરમ્યાન જીલ્લા કક્ષાએ પ્રમાણપત્ર તથા અનુક્રમે ₹૨,૫૦૦, ₹ ૧,૫૦૦ અને ₹૧,૦૦૦ રોકડ પુરસ્કાર તેમજ રાજયકક્ષાએ પ્રમાણપત્ર તથા અનુક્રમે ₹૨૫,૦૦૦, ₹૨૦,૦૦૦ અને ₹૧૫,૦૦૦ રોકડ પુરસ્કાર દ્વારા સન્માન કરવામાં આવશે.